મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

G NEWS ગરવી તાકાત LIVE

૧૭-૦૬-૨૦૨૫
મંગળવાર

વર્ષ : ૧૧ ★ અંક નં : ૬૪
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

તંત્રી : પ્રકાશ આર. ચૌધરી

કાર્યાલય : ૯, અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે

તમારા ગામ કે શહેરના
સમાચાર વાંચો વેબ પોર્ટલ
ઉપર આંગળીના ટેરવે

Garvitakat.com
લિંક પર કલીક કરો અને
તમારા ગામના કે શહેરના
લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર
તમારા મોબાઈલમાં વાંચો

Garvi Takat. com

### ૧૨ જુને અમદાવાદથી લંડન જતી ફલાઈટમાં જીવ ગુમાવનાર ખેરવાના યુવાનના ડીએનએ ટેસ્ટ પછી મૃતદેહ ઓળખાયો

# ખેરવાના ૨૨ વર્ષિય યુવાનના પાર્થિવદેહને વતન લાવવામાં આવ્યો

# પરિવારજનોના હૈયાફાટ રૂદને હાજર સૌની આંખો ભીંજવી દીધી







(ગરવી તાકાત) મહેસાણા તા.૧૬

અમદાવાદ નજીક બનેલી હૃદય કંપાવનારી પ્લેન ક્રેશ દુર્ઘટનાએ મહેસાણાના ખેરવાના આશાસ્પદ યુવાન ૨૨ વર્ષિય સંકેત ગોસ્વામીનું અકાળ મૃત્યુએ સમગ્ર પંથકમાં ઘેરા શોકની લાગણી પ્રસરાવી દીધી હતી. જેમના મૃતદેહને આજે સાંજે વતન ખેરવા લાવવામાં આવ્યા, ત્યારે વાતાવરણમાં કરુણા અને દુ:ખનો માહોલ છવાઈ ગયો હતો. સ્વજનોની અંતિમ ઝલક મળતા જ પરિવારજનોના હેયાફાટ રુદને ત્યાં હાજર દરેક આંખોને ભીંજવી દીધી હતી.

અમદાવાદથી લંડન જઈ રહેલ એર ઈન્ડિયાનું પ્લેન ટેકઓફ થયા બાદ ક્રેશ થવાની ઘટનામાં મહેસાણા જિલ્લાના ૯ લોકોના મોત થતાં પંથકમાં શોકની માહોલ છવાયો હતો.

અમદાવાદથી લંડન જઈ રહેલ એર ઈન્ડીયાની ફલાઈટ ગુરુવારના રોજ દોઢ વાગ્યે ટેકઓફ થયા બાદ ક્રેશ થઈ બિલ્ડીંગ સાથે અથડાતાં બ્લાસ્ટ થયો હતો. આ પ્લેનમાં ૨૦૦થી વધુ યાત્રિકો સવાર હતા.

જેમાં મહેસાણાના ખેરવાનો ૨૨ વર્ષિય સંકેતગીરી અતુલગીરીગોસ્વામી લંડન આ પ્લેનમાં જઈ રહ્યા હતા. જ્યાં પ્લેન ક્રેશ થયાના સમાચારે ખેરવાને હચમચાવી દીધું હતુ. ત્યારે સમાજના આગેવાનો તેમજ સંકેત ગોસ્વામીના સંબંધીઓ અમદાવાદ સિવિલ હોસ્પિટલ દોડી ગયા હતા અને તેમના મૃતદેહને શોધી રહ્યા હતા.

અમદાવાદમાં થયેલા પ્લેન ક્રેશમાં મૃત્યુ પામેલા મહેસાણા જિલ્લાના ખેરવાના ૨૨ વર્ષિય યુવાન સંકેત ગોસ્વામીના પાર્થિવ દેહને વતન લાવવામાં આવ્યા હતા. ગામ આખું શોકાતુર બનવા પામ્યું હતું. દિવંગત સંકેતના માનમાં ખેરવાના તમામ બજારો સંપૂર્ણ બંધ રહ્યા હતા.

આ યુવાન લંડન અભ્યાસ માટે જઈ રહ્યો હતો. ૧૨મી જુને અમદાવાદથી લંડન જતાં એર ઈન્ડીયા વિમાનમાં દૂર્ઘટના સર્જાતા તેનું મોત નિપજવા પામ્યુ હતું. વહીવટી તંત્ર દ્વારા મહેસાણાથી એમ્બ્યુલન્સ મોકલીને મૃતદેહોને વતન લાવવામાં આવ્યા. મૃતદેહ આવતાં જ સમગ્ર ખેરવા ગામ શોકમાં ગરકાવ થઈ ગયું.

પરિવારજનો અને સમાજના લોકો મોટી સંખ્યામાં એકત્રિત થયા હતા. તેમની અંતિમ યાત્રા સાંજે ૬-૦૦ કલાકે ખેરવાથી નિકળી સિદ્ધપુર અંતિમધામ ખાતે તેના અંતિમ સંસ્કાર વિધિવત રીતે કરવામાં આવ્યા હતા. મહેસાણા જિલ્લા પોલીસે સમગ્ર કાર્યવાહી દરમિયાન ચુસ્ત બંદોબસ્ત જાળવી રાખ્યો હતો.

### મતદાનના આખરી ૪૮ કલાક પહેલા તમામ રાજકીય અગ્રણીઓ-પ્રચારકોને મત વિસ્તારમાં હાજર રહેવા પર પ્રતિબંધ

## ઘેર-ઘેર જઈ વધુમાં વધુ ૫ વ્યક્તિ જ ચૂંટણી પ્રચાર કરી શકશે, પક્ષના કાર્યકરો અને નેતાઓ બેનર્સ પ્રદર્શિત કરી શકશે નહીં

**ચૂંટણી પૂર્ણ થવાના ૪૮ કલાકના સમયગાળા દરમિયાન સ્ટાર પ્રચારકો તથા અન્ય રાજકીય નેતાઓ મીડિયા સમક્ષ ચૂંટણી સંબંધિત પ્રેસ કોન્ફરન્સ યોજી શકશે નહીં કે ઇન્ટરવ્યૂ આપી શકશે નહી**

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૬

૨૪-કડી(અ.જા) વિધાનસભા પેટા ચૂંટણી- ૨૦૨૫ અંતર્ગત તા.૧૯ જૂન તથા ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજ્ય/ મધ્યસત્ર/ પેટા ચૂંટણી - ૨૦૨૫ અંતર્ગત તા.૨૨ જૂન ના રોજ મતદાન થનાર છે, જે સંદર્ભે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી જે.કે. જેગોડા દ્વારા ચૂંટણી પ્રચારનો સમય પૂર્ણ થયા બાદ એટલે કે મતદાન પૂર્ણ થવાના આખરી કલાક ૪૮ કલાક પહેલા ચૂંટણી પ્રચાર બંધ કરવાનો થતો હોવાથી, રાજકીય પક્ષોના બહારથી આવેલા રાજકીય અગ્રણીઓ-પ્રચારકોને મત વિસ્તારમાં હાજર રહેવા પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. જે મુજબ મહેસાણા જિલ્લાની હદ વિસ્તારમાં ચૂંટણી હેઠળના તમામ વિસ્તારમાં ૨૪-કડી(અ.જા)



વિધાનસભા પેટા ચૂંટણી અન્વયે તા.૧૭/૦૬/૨૦૨૫ ના સાંજના ૦૬.૦૦ કલાકથી તા.૧૯/૦૬/૨૦૨૫ ના સાંજના ૬:૦૦ કલાક સુધી તથા ગ્રામ પંચાયત ચૂંટણીઓ - ૨૦૨૫ અન્વયે તા.૨૦/૦૬/૨૦૨૫ ના સાંજના ૦૬.૦૦ કલાકથી તા.૨૨/૦૬/૨૦૨૫ ના સાંજના ૬:૦૦ કલાક સુધી ચૂંટણી પ્રચાર બંધ કરવા ફરમાવાયું છે.

આ જાહેરનામામાં જણાવ્યા પ્રમાણે રાજકીય પદાધિકારીઓ/ કોઈપણ પક્ષના રાજકીય કાર્યકર્તા/ સરઘસ કાઢનારાઓ/ચૂંટણી પ્રચારકો વગેરે કે જેઓને મતદાન વિભાગ બહારથી લાવવામાં આવ્યા હોય અને જેઓ તે મતદાર વિભાગના મતદાર ન હોય તેઓએ ચૂંટણી પ્રચારના અંત સુધી મતદાર વિભાગમાં હાજર રહેવું જોઈએ નહીં. કારણકે ચૂંટણી પ્રચાર પૂરો થાય પછી તેમની હાજરી મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણીને નુકસાન પહોંચાડી શકે છે.

ચૂંટણી પ્રચારનો સમયગાળો પૂરો થયા પછી જિલ્લા ચૂંટણી વહીવટી તંત્ર/ પોલીસ વહીવટી તંત્રએ આવા તમામ પદાધિકારીઓ, ચૂંટણી પ્રચારકો ચૂંટણી પ્રચાર પૂરો થયા પછી તુર્ત જ મતદાર વિભાગ છોડી દે તે સુનિશ્ચિત કરવું. આવા તમામ રાજકીય પક્ષો, ઉમેદવારો તેમના એજન્ટો, કાર્યકરો આ હુકમનું પાલન કરે તે માટે આ બાબત ધ્યાને લાવી અમલવારી ગોઠવવાની રહેશે. આ લોકોને જ્યાં રાખવામાં આવ્યા હોય તેવા કલ્યાણ મંડપો, સાર્વજનિક સભા ખંડો, વીસી, અતિથિગૃહો, હોટલો, આરામગૃહોમાં તપાસ કરાવી આવી જગ્યાઓમાં કોઈ બહારની વ્યક્તિઓને રાખવામાં આવી છે કે કેમ? તે શોધી ખરાઈ કરી મતદાર વિભાગ બહારની વ્યક્તિ જણાય તો તેઓને જાહેરનામાની સૂચનાઓની અમલવારી કરાવવાની રહેશે. મતદાન પૂરું થવાના સમયની તુરંત પહેલાના ૪૮ કલાકના સમયગાળા દરમિયાન ઘેર ઘેર ફરીને પ્રચાર કરવા પર પ્રતિબંધ નથી પરંતુ, આ સમયગાળા દરમિયાન ચુંટણી પ્રચાર માટે ઘેર ઘેર મુલાકાત લેતી વખતે એક સાથે વધુમાં વધુ પાંચ વ્યક્તિ જઈ શકશે. ઉપરોક્ત પ્રતિબંધના સમય દરમિયાન પક્ષના કાર્યકરો/ નેતાઓ બેનર્સ પ્રદર્શિત કરી શકશે નહીં.

### વિજાપુર સહિતના પંથકમાં ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો

## મહેસાણામાં ઉકળાટ અને બફારા બાદ ધીમીધારે વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ



(ગરવી તાકાત) મહેસાણા તા.૧૬

મહેસાણા જિલ્લામાં આજે બપોરે વાતાવરણમાં અચાનક પલટો આવ્યો છે. છેલ્લા કેટલાક દિવસોથી ભારે ઉકળાટ અને બફારાથી પરેશાન લોકોને રાહત મળી છે. બપોરના સમયે એકાએક ભારે પવન ફૂંકાવાની સાથે ધીમી ધારે વરસાદ શરૂ થયો છે. છેલ્લા બે દિવસથી વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું હતું. હાલમાં મહેસાણા ઉપરાંત વિજાપુર સહિતના પંથકમાં ગાજવીજ સાથે વરસાદ વરસી રહ્યો છે. વરસાદના આગમન સાથે સમગ્ર વિસ્તારમાં ઠંડક પ્રસરી ગઈ છે.

### અકસ્માત બાદ કાર દીવાલ સાથે અથડાઈ હતી, જેમાં વૃદ્ધ મહિલા કાર અને દીવાલ વચ્ચે ફસાઈ ગયા હતા

## મહેસાણા ઝૂલેલાલ ચોક નજીક લાકડા વીણતી વૃદ્ધ મહિલાનું કાર અકસ્માતમાં મોત નિપજ્યું

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૬

મહેસાણા શહેરમાં ઝૂલેલાલ ચોક નજીક એક દુર્ભાગ્યપૂર્ણ અકસ્માત સર્જાયો છે. સિંધી સોસાયટી પાસે કપાયેલા વૃક્ષના લાકડા વીણતા સમયે એક વૃદ્ધ મહિલાનું કાર અકસ્માતમાં મોત નીપજ્યું છે. કર્મયોગી સોસાયટી સામે પટાવાળાની ચાલીમાં રહેતા ગીતાબેન પરમારની ફરિયાદ મુજબ, ગઈકાલે રાત્રે ૮ વાગ્યે સિંધી સોસાયટીમાં મુન્નાભાઈના ઘર પાસે એક વૃક્ષ કાપવામાં આવ્યું હતું. ફરિયાદી અને તેમનો પુત્ર લાકડા લેવા ગયા હતા.



રાત્રે ૯ વાગ્યે તેમના માતા સંતોકબેન પણ મદદ માટે આવ્યા હતા.

સંતોકબેન લાકડા વીણી રહ્યા હતા ત્યારે GJ02EG8647 નંબરની કારના ચાલકે બેદરકારીથી વાહન ચલાવીને તેમને ટક્કર મારી હતી. અકસ્માત બાદ કાર દીવાલ સાથે અથડાઈ હતી, જેમાં સંતોકબેન કાર અને દીવાલ વચ્ચે ફસાઈ ગયા હતા. સ્થાનિક રહીશોએ દોડી આવીને કારને ધક્કો મારી સંતોકબેનને બહાર કાઢ્યા હતા. ગંભીર ઈજાઓ સાથે સંતોકબેનને સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમનું મૃત્યુ નીપજ્યું હતું. મહેસાણા શહેર એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં કાર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધવામાં આવી છે.

### કડી વિધાનસભા વિસ્તારની વિવિધ શાળાઓમાં વકતૃત્વ સ્પર્ધા યોજાઈ

## વકતૃત્વ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ મતદાન જાગૃતિ અંગે સંદેશો આપ્યો

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૬

૨૪-કડી (અ.જા.) વિધાનસભા પેટા ચૂંટણી માટે તા. ૧૯ જૂનના રોજ મતદાન યોજાનાર છે. આ ચૂંટણીમાં વધુમાં વધુ મતદાન થાય તેમજ યુવા મતદારોમાં મતદાન માટે જાગરૂકતા કેળવાય તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી એસ.કે. પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા રોજબરોજ સ્વીપની વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. જે અંતર્ગત કડી વિધાનસભા વિસ્તારની વિવિધ શાળાઓમાં વકતૃત્વ સ્પર્ધા યોજાઈ હતી.

કડી તાલુકાની શ્રીમતી એમ.પી.પટેલ હાઈસ્કૂલ નંદાસણ, શ્રી ડી.જે. કન્યા વિદ્યાલય નાની કડી



અને ન્યુ આદર્શ વિદ્યાલય, કડી સહિતની શાળાઓ ખાતે યોજાયેલ વકતૃત્વ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ મતદાન જાગૃતિ અંગે સંદેશો આપ્યો હતો. મતદાન જાગૃતિ અંગેના વિવિધ વકતવ્યો રજુ કરી વિદ્યાર્થીઓ ઉત્સાહભેર મતદાર જાગરૂકતા કાર્યક્રમમાં સહભાગી થયા હતા.




## વિમાન દુર્ઘટના ઉચ્ચ સ્તરીય તપાસ સમિતિએ ત્રણ મહિનામાં રિપોર્ટ સુપરત કરવાનો રહેશે

(એચ.એસ.એલ),અમદાવાદમાં થયેલા ભયાનક વિમાન દુર્ઘટનાની સંપૂર્ણ તપાસ માટે ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરવામાં આવે તે અપેક્ષિત જ નહીં પણ જરૂરી પણ હતું. ગૃહ સચિવના અધ્યક્ષપદે રચાયેલી આવી સમિતિએ ત્રણ મહિનામાં પોતાનો અહેવાલ સુપરત કરવાનો રહેશે અને ભવિષ્યમાં આવા અકસ્માતો અટકાવવા માટે શું પગલાં લેવા જોઈએ તે પણ સૂચવવાનો રહેશે.

ભારત સહિત વિશ્વ સમુદાયને આઘાત પહોંચાડનાર આ અકસ્માતની તપાસ અન્ય એજન્સીઓ પણ કરશે. વિમાન ઉત્પાદક કંપની સાથે અમેરિકન અને યુરોપિયન તપાસ એજન્સીઓ પણ આ તપાસમાં ભાગ લેશે. આ સમયની જરૂરિયાત પણ હતી, કારણ કે આ અકસ્માત ખૂબ જ આશ્ચર્યજનક છે. બોઇંગનું ૭૮૭ ડ્રીમલાઈનર વિમાન જે રીતે ક્રેશ થયું તે જોઈને, આ કંપનીએ અકસ્માતના કારણોના તળિયે પહોંચવું પડશે. વધુ કારણ કે, પ્રથમ, આ કંપની પાસે ભારતમાં અન્ય વિમાનો છે અને બીજું, તેના વિમાનોના ઉત્પાદનમાં સલામતીના પગલાંને અવગણવાનો આરોપ મૂકવામાં આવ્યો છે.

સરકારી કંપનીથી ખાનગી કંપની, ટાટામાં ફેરવાઈ ગયેલા એર ઈન્ડિયાના વિમાનના ક્રેશના કારણોની સંપૂર્ણ તપાસની સાથે, કેટલાક અન્ય પાસાઓ પણ ધ્યાનમાં લેવા પડશે અને તેમાંથી એક એ છે કે આપણા બધા મુખ્ય એરપોર્ટ જ્યાં સ્થિત છે તે સ્થાનો ચારે બાજુ વસ્તીથી ઘેરાયેલા છે. આ કારણે, વિમાન દુર્ઘટનાના કિસ્સામાં, નજીકની વસ્તીને નુકસાન થવાની સંભાવના પણ વધી જાય છે.

અમદાવાદમાં આવું જ બન્યું છે. અહીં, જ્યારે એક વિમાન મેડિકલ કોલેજના હોસ્ટેલ પર પડ્યું, ત્યારે મેડિકલના વિદ્યાર્થીઓ સહિત ઘણા લોકો માર્યા ગયા. ચારે બાજુ વસ્તીથી ઘેરાયેલા એરપોર્ટની નજીક વિમાન દુર્ઘટનાના કિસ્સામાં, સ્થળ સુધી મદદ પહોંચવામાં પણ અવરોધ આવે છે. અમદાવાદ જેવા અકસ્માતો લોકોના મનમાં હવાઈ મુસાફરી અંગે શંકા પેદા કરે છે એટલા માટે જ નહીં, પણ હવાઈ મુસાફરી આજે એક જરૂરિયાત બની ગઈ છે એટલા માટે પણ હવાઈ મુસાફરીને સલામત બનાવવાની જરૂર છે.

છેલ્લા કેટલાક વર્ષોમાં દેશમાં હવાઈ મુસાફરોની સંખ્યા ઝડપથી વધી છે. આ સાથે, એરપોર્ટની સંખ્યા પણ વધી રહી છે. એ સ્પષ્ટ છે કે ઢ્ઢ્ઝ્છ અને એરપોર્ટ ઓથોરિટી જેવી એજન્સીઓએ વધુ સતર્ક રહેવું પડશે. હવાઈ મુસાફરોની વધતી સંખ્યા સાથે, તેમની સુવિધાઓ અને સલામતી અંગે પ્રશ્નો ઉભા થતા રહે છે. ઓછામાં ઓછું સલામતીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવી જોઈએ. તે ફક્ત સલામત હવાઈ કામગીરી વિશે જ નથી, રેલ અને બસ સહિત પરિવહનના અન્ય માધ્યમોને પણ સરળ અને સલામત બનાવવાની જરૂર છે. એ હકીકત છે કે આપણા દેશમાં રેલ અને માર્ગ અકસ્માતોની સંખ્યા ઘટી રહી નથી.

તંત્રી : પ્રકાશ ચૌધરી

## પ્રધાનો-અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી : સીવીલ હોસ્પીટલમાં પ્લેન દુર્ઘટનાના અસરગ્રસ્તોને મળતા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૧૬

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે વિમાન દુર્ઘટનાના પીડિતોને મળી તેમના ખબરઅંતર પૂછ્યા હતા અને હતભાગીઓના પરિવારજનોની મુલાકાત લઈ, તેમને સાંત્વના પાઠવી હતી.



ત્યાર બાદ મુખ્યમંત્રીએ મંત્રીઓ તથા રાજ્યના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી, રાહત-બચાવની સમગ્ર કામગીરીની સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપ્યાં હતાં. અમદાવાદ ખાતે ગત તા.૧૨ જૂનના રોજ થયેલી વિમાન દુર્ઘટના બાદ આરોગ્ય વિભાગ અને સિવિલ હોસ્પિટલ તંત્ર દ્વારા સતત ખડેપગે રહીને ઈજાગ્રસ્તોને સારવાર આપવાની તેમજ હતભાગીઓના ડીએનએ મેપિંગથી માંડીને તેમના નશ્વર દેહ પરિજનોને સોંપવાની કામગીરી કરવામાં આવી રહી છે.

દરમિયાન, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદ સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી. જ્યાં તેઓએ હોસ્પિટલના ઉ૨ બ્લોક ખાતે કાર્યાન્વિત કરાયેલા વેરિફિકેશન રૂમની મુલાકાત લીધી હતી તેમજ સારવાર લઈ રહેલા દર્દીઓના સ્વજનોને સાંત્વના પાઠવી હતી.

DNA નમૂના મેપિંગની સમગ્ર પ્રક્રિયા અને તેની બારીકીઓથી માહિતગાર થયા હતા અને અધિકારીઓને ઈજાગ્રસ્તોને ઝડપી રાહત, સંપૂર્ણ તપાસ અને પીડિતો તથા તેમના પરિવારોને વ્યાપક સહાય સુનિશ્ચિત કરવા જરૂરી નિર્દેશો આપ્યા હતા.આ સમયે રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલ, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, જગદીશભાઈ વિશ્વકર્મા, મુખ્ય સચિવ પંકજ જોશી, રાજ્ય પોલીસવડા વિકાસ સહાય, સરકારના વિવિધ વિભાગોના અધિકારીઓ -પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### રાજકીય પક્ષો, ઉમેદવારો, કાર્યકરો દ્વારા ઉભા કરવામાં આવતા બુથોના નિયમન બાબતે જાહેરનામું

## મતદાન મથક તેમજ તેની આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારમાં કોઈપણ અનઅધિકૃત વ્યક્તિઓ એકત્રિત થઈ શકશે નહીં

**કોઈપણ વ્યક્તિ મતદાન મથક તે તેમજ તેની આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારમાં સેલ્યુલર ફોન, કોડલેસ ફોન, વાયરલેસ સેટ કે સંદેશા વ્યવહારના અન્ય કોઈ ઉપકરણો લઈ જઈ શકશે નહીં**

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૬

ભારતનાં ચૂંટણી આયોગ દ્વારા ૨૪-કડી(અ.જા) વિધાનસભા પેટા ચૂંટણી- ૨૦૨૫ તેમજ રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજ્ય/ મધ્યસત્ર/ પેટા ચૂંટણી -૨૦૨૫ માટે જાહેર થતા ચૂંટણી પ્રક્રિયા દરમિયાન આદર્શ આચારસંહિતાનાં અમલ માટે જરૂરી જાહેરનામા બહાર પાડવા માટે સૂચનાઓ આપવામાં આવી છે. જે અન્વયે મહેસાણા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી જે.કે. જેગોડા દ્વારા રાજકીય પક્ષો, ઉમેદવારો, કાર્યકરો દ્વારા ઉભા કરવામાં આવતા બુથોના નિયમન બાબતે જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. આ જાહેરનામા મુજબ ૨૪-કડી(અ.જા) વિધાનસભા પેટા ચૂંટણી- ૨૦૨૫ માટે તા.૧૭/૦૬/૨૦૨૫ ના ૦૦-૦૦ કલાકથી તા. ૧૯/૦૬/૨૦૨૫ ના ૨૦:૦૦ કલાક સુધી અને ગ્રામ પંચાયત ચૂંટણીઓ- ૨૦૨૫ માટે તા.૨૦/૦૬/૨૦૨૫ ના ૦૦-૦૦ કલાકથી તા. ૨૨/૦૬/૨૦૨૫ ના ૨૦:૦૦ કલાક સુધી ચૂંટણીઓ અંગેના મતદાનની કામગીરી માટે મહેસાણા જિલ્લાના મતદાન મથકોના સ્થળો બાબતે વિવિધ પ્રતિબંધો ફરમાવવામાં આવ્યા છે.




**મતદાન મથકની ૧૦૦ મીટરના વિસ્તારમાં કોઈપણ બુથ ઊભું કરી શકાશે નહીં**

આ જાહેરનામાં અનુસાર ચૂંટણી ઉમેદવાર કે તેના ચૂંટણી એજન્ટ કે અન્ય કોઈપણ વ્યક્તિ મતદાન મથકના ૧૦૦ મીટરના વિસ્તારમાં ચૂંટણી માટેના બુથ ઉભા કરી શકશે નહીં. મતદાન મથક તેમજ તેની આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારમાં કોઈપણ અનઅધિકૃત વ્યક્તિઓ એકત્રિત થશે નહીં કે, મતદાન મથકમાં પ્રવેશી શકશે નહીં. કે વાહન લઈ જઈ શકશે નહીં કે લાવશે નહીં. કોઈપણ વ્યક્તિ મતદાન મથક તેમજ તેની આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારમાં સેલ્યુલર ફોન, કોડલેસ ફોન, વાયરલેસ સેટ કે સંદેશા વ્યવહારના અન્ય કોઈ ઉપકરણો લઈ જઈ શકશે નહીં તેનો ઉપયોગ કરી શકશે નહીં આ ઉપરાંત કોઈપણ વ્યક્તિ મતદાન મથક તેમજ તેની આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારમાં મેગાફોન અથવા લાઉડ સ્પીકરનો ઉપયોગ કરી શકશે નહીં.

વધુમાં ચૂંટણી અંગેની મતદાન સંચાલનની કામગીરીમાં ચૂંટણી અધિકારીશ્રી /જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી તરફથી ફરજ ઉપર રોકવામાં આવેલ કર્મચારીશ્રીઓને, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી મહેસાણા દ્વારા અધિકૃત કરવામાં આવે તેને, કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે ફરજ ઉપર મુકાયેલ પોલીસ અધિકારીશ્રી/ કર્મચારી તથા અન્ય સુરક્ષા માટેના સ્ટાફને તેમજ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી તથા ભારતના ચૂંટણી પંચ દ્વારા અધિકૃત કરવામાં આવે તેને આ હુકમ લાગુ પડશે નહીં.

આ હુકમના કોઈપણ ખંડના ભંગ અથવા ઉલ્લંઘન કરનાર શખ્સ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ- ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષઃ** આજનો દિવસ તમારા માટે વિશેષ છે અને પરિવાર સાથે આનંદમાં સમય વિતાવશો. સુખ આવશે અને પરિવારમાં ખુશીઓ રહેશે. બપોર સુધી સારા સમાચાર પણ મળી શકે છે

**વૃષભઃ** આજે તમને રોજગારીની દિશામાં સફળતા મળશે. ભેટો અને માન-સન્માનના લાભ મળશે. બીજાના સહકાર લેવામાં સફળ રહેશો. રાજ્ય પ્રવાસ અને મુસાફરીની સ્થિતિ સુખદ અને લાભદાયક બનશે.

**મિથુનઃ** આજનો દિવસ તમારા માટે શુભ દિવસ છે અને તમારું ભાગ્ય વધી શકે છે. પરિવારમાં સમૃદ્ધિ થશે અને બગડેલી બધી બાબતો પૂરી થશે. જીવનસાથી અને ભાગીદારોને વ્યવસાયમાં સહયોગ મળશે.

**કર્કઃ** આજનો દિવસ તમારા માટે થોડો જોખમી હોઈ શકે છે. તમારે જરૂરિયાત મુજબ જોખમ પણ લેવું જોઈએ, આમ કરવાથી તમારા માટે સફળતાની નવી રીત ખુલી શકે છે.

**સિંહઃ** આજનો દિવસ તમારા માટે જુદો છે. કાર્યસ્થળમાં કેટલાક પરિવર્તન આવશે. તમે ક્યારેય બદલાવથી ડરતા નથી, પરંતુ આજે સરકાર અથવા સિસ્ટમમાંથી પરિવર્તન આવી શકે છે, જે તમારા માટે થોડી મુશ્કેલી ઊભી કરી શકે છે. આ કિસ્સામાં તમારે ડરવાની જરૂર નથી.

**કન્યાઃ** આજે તમારું મન પરેશાન થઈ શકે છે. તમે કોઈ કારણસર અસ્વસ્થ રહેશો. વ્યાવસાયિક વિકાસ માટે કરવામાં આવેલા પ્રયત્નો નિરર્થક હોઈ શકે છે. સાંજ સુધીમાં તમે તમારા ધૈર્ય અને પ્રતિભાથી દુશ્મનને જીતવા માટે સક્ષમ હશો.

**તુલાઃ** આજે કોઈ કારણસર મુશ્કેલી આવી શકે છે. પારિવારિક મુશ્કેલીઓ સમસ્યામાં વધારો કરી શકે છે. આર્થિક વ્યવહારમાં સાવચેત રહેવું. કોઈની સાથે વિવાદના કારણે મન ખરાબ થઈ શકે છે અને ચિંતા વધી શકે છે.

**વૃશ્ચિકઃ** આજનો દિવસ તમારા માટે વિશેષ છે અને શુભ કાર્યોમાં તમારી રુચિ વધશે. આજે તમે જે પણ નિર્ણય લેશો તે ભવિષ્યમાં તમને લાભ આપશે. સંતાનના લગ્નમાં આવતી અડચણનો અંત આવશે.

**ધનઃ** આ દિવસે તમે તમારા કાર્યક્ષેત્રમાં સારી ખ્યાતિ મેળવી શકો છો. જો તમે તમારું કાર્ય ગંભીરતાથી કરશો તો તમને સફળતા મળશે. સમય સાથ આપશે અને પરિવારના સભ્યો પણ સહયોગ કરશે.

**મકરઃ** આજે તમારા ઘરના લોકો સાથે થોડો વિવાદ થઈ શકે છે, પરંતુ તેમ છતાં તમારું દાંપત્ય જીવન સુખી રહેશે. ભાગ્ય પ્રાપ્ત થશે અને ધન, પદ, પ્રતિષ્ઠા વધશે. આજે તમે શારીરિક અને માનસિક રીતે થાક અનુભવી શકો છો, પરંતુ ખુશી સામે થાક ઓછો થઈ જશે.

**કુંભઃ** આજે ગ્રહોનો વિશેષ યોગ તમને આર્થિક સફળતા તરફ લઈ જશે. નમ્ર વાણીથી તમારી પ્રતિષ્ઠા વધશે. તમારા સ્વાસ્થ્ય વિશે સાવધાન રહેવું. તમારી ભોજનની ટેવમાં ધૈર્ય રાખો. સાસરિયાઓથી લાભ થશે.

**મીનઃ** આ દિવસે નોકરી અને ધંધામાં ઇચ્છિત પરિણામ મળતાં આનંદ થશે. આર્થિક સ્થિતિ પહેલા કરતા વધુ મજબૂત રહેશે. આજે તમે તમારા ધંધાને લગતા કેટલાક મહત્વપૂર્ણ ફેરફારો કરવા વિશે વિચારી શકો છો અને આમ કરવાથી તમને લાભ મળશે. સાંજે તમે પરિવાર સાથે ફરવા પણ જઈ શકો છો.

## ફિલ્મી ગપશપ

## માર્કો પાર્ટ - ૨ નહી બને : ઉન્ની મુકુંદની જાહેરાત



ચેન્નાઈ,તા.૧૬

મલયાલમ ભાષાની ફિલ્મ માર્કો વર્ષ ૨૦૨૪માં રિલીઝ થઈ હતી. ૩૦ કરોડના બજેટમાં બનેલી આ ફિલ્મે બોક્સ ઓફિસ પર ૧૦૦ કરોડનું કલેક્શન કર્યું હતું. આ ફિલ્મ ઉગ્ર એક્શનથી ભરપૂર હતી. આ એક્શન દ્રશ્યોને કારણે 'માર્કો' બોક્સ ઓફિસ પર સફળ રહી હતી અને સાઉથથી લઈને નોર્થ સુધીના દર્શકોએ તેને ખૂબ જ પસંદ કરી હતી.

ફિલ્મની સફળતા બાદ મેકર્સ તેની સિક્વલની તૈયારી કરી રહ્યા હતાં. માર્કો ૨ ની પણ જાહેરાત કરવામાં આવી હતી. પરંતુ હવે ફિલ્મનાં લીડ એક્ટર ઉન્ની મુકુંદના નવા નિવેદને બધાને ચોંકાવી દીધા છે.

'માર્કો ૨' હવે નહીં બને

ઉન્ની મુકુંદને 'માર્કો ૨' બનાવવાનો વિચાર પડતો મૂક્યો છે. આ વાતનો ખુલાસો ત્યારે થયો જ્યારે એક ચાહકે ઉન્નીને 'માર્કો ૨' વિશે પૂછ્યું. તેના જવાબમાં ઉન્ની મુકુંદને કહ્યું કે, ×ભાઈ, હું દિલગીર છું, પરંતુ મેં 'માર્કો' ફિલ્મ આગળ વધારવાનો પ્લાન છોડી દીધો છે.

આ પ્રોજેક્ટની આસપાસ ઘણી બધી નકારાત્મકતા હતી. હું 'માર્કો' કરતા કંઈક મોટું અને વધુ સારું લાવવાનો પ્રયત્ન કરીશ. તમારા બધાના પ્રેમ અને સકારાત્મકતા માટે આભાર. ઉન્ની મુકુંદના આ નિવેદન બાદ હવે 'માર્કો ૨' કોલ્ડ સ્ટોરેજમાં ગઈ હોવાનું સ્પષ્ટ થઈ ગયું છે.

'માર્કો' હિટ રહી હતી

ફિલ્મ 'માર્કો'નું નિર્દેશન હનીફ અદેનીએ કર્યું હતું. આ ફિલ્મ ૨૦૨૪માં રિલીઝ થઈ હતી અને ૧૦૦ કરોડથી વધુની કમાણી કરી હતી. આ સાથે, તે મલયાલમ સિનેમાની પ્રથમ 'એ' રેટેડ ફિલ્મ બની. આ ફિલ્મમાં ઉન્ની મુકુંદને એક ભયાનક ગેંગસ્ટરની ભૂમિકા ભજવી હતી.

જો કે હજુ સુધી ઉન્નીએ પોતાના નવા પ્રોજેક્ટ વિશે કોઈ ખુલાસો કર્યો નથી. પરંતુ હવે જોવાનું એ રહે છે કે શું ઉન્ની નવા પ્રોજેક્ટ સાથે આ જ પ્રકારનું કામ કરી શકે છે કે નહીં કારણ કે માર્કો બાદથી દર્શકોને ઉન્ની પાસેથી એક્શન ફિલ્મોની અપેક્ષા હતી.


### ચાર દિવસમાં દેશમાં પાંચ મોટી આપત્તિઓ ત્રાટકી : અમદાવાદમાં પ્લેન ક્રેશ, ઉત્તરાખંડમાં હેલિકોપ્ટર દુર્ઘટના

## પૂણેમાં પુલ ધસી પડયો, મથુરામાં ખડક ખસી ગયો, ઓમકારેશ્વરમાં નર્મદા નદીમાં ૪ યુવકો ડૂબ્યા : દુર્ઘટનાઓમાં અનેક લોકોના મોત, કેટલાય ઘાયલ

નવીદિલ્હી,તા.૧૬

અમદાવાદમાં પ્લેન ક્રેશની દુર્ઘટનાઓ બાદ માત્ર ચાર દિવસમાં દેશમાં પાંચ મોટી દુર્ઘટનાઓ બની છે. અમદાવાદની પ્લેન દુર્ઘટના બાદ ઉત્તરાખંડમાં હેલિકોપ્ટર ક્રેશ થતા તેમાં ૭ લોકોના મોત નિપજયા હતા.

જયારે રવિવારે મહારાષ્ટ્રમાં પૂર્ણમાં એક પુલ ધસી પડવાથી બેના મોત થયા હતા અને ૩૨ લોકો ઘાયલ થયા હતા. મથુરામાં ખડક ખસવાથી અનેક મકાનો પડી ગયા હતા, જેમાં ત્રણ લોકોના મોત અને અનેક લોકો ઘાયલ થયા હતા. કેટલાક કાટમાળમાં દબાયેલા હોવાની આશંકા છે.





● અમદાવાદ વિમાન દુર્ઘટના

૧૨મી જુને અમદાવાદથી લંડન જઈ રહેલી એર ઈન્ડિયાની ફલાઈટ ઉડાન ભરતાની સાથે જ ક્રેશ થઈ ગઈ હતી. આ દુર્ઘટનામાં ૨૭૦થી વધુ લોકોના મોત થયા છે. જેમાં ગુજરાતના પૂર્વ સીએમ વિજયભાઈ રૂપાણીનો પણ સમાવેશ થાય છે.

● કેદારનાથ પાસે હેલિકોપ્ટર ક્રેશ

કેદારનાથથી ગુપ્ત કાશી આવી રહેલું હેલિકોપ્ટર રવિવારે ક્રેશ થઈ ગયું હતું. આ અકસ્માતમાં ૭ લોકોના મોત થયા હતા. મૃતકમાં ૨૩ મહિનાનું એક બાળક પણ હતું. હેલિકોપ્ટર ગૌરી કુંડના વિસ્તારમાં સવારે ૫-૩૦ વાગ્યે ક્રેશ થયું હતું. દુર્ઘટનાનું કારણ ખરાબ હવામાનને બતાવાયું છે.

● મહારાષ્ટ્રમાં પુલ ધસી પડવાથી બેના મોત

મહારાષ્ટ્રના કુંદામાલા ગામ પાસે ઈન્દ્રાયણી નદી પર બનેલો પુલ ધસી ગયો હતો. જેના કારણે અનેક લોકો ફસાયા હતા. આ દુર્ઘટનામાં બેનાં મૃત્યુ થયા છે. જયારે ૩૨ લોકો ઘાયલ થઈ રહ્યા છે. અનેક લોકો તણાઈ ગયા છે. જેમની શોધખોળ ચાલી રહી છે.

● મથુરામાં ખડક ખસવાથી અનેક મકાન ધરાશાયીઃ ત્રણના મોત

મથુરામાં સિધ્ધ બાબા મંદિર પાસે ખડક ખસવાથી પાંચ મકાન ધરાશાયી થયા હતા. આ દુર્ઘટનામાં ત્રણ લોકોના મોત થયા છે અનેક લોકો કાટમાળમાં દબાયેલા હોવાની આશંકા છે. ચાર લોકોને કાટમાળમાંથી બહાર કઢાયા છે. તેમની હાલત ગંભીર છે.

● ઓમકારેશ્વરમાં નર્મદા નદીમાં ચાર યુવક ડૂબ્યા

ઓમકારેશ્વરમાં નર્મદા નદીમાં અલગ અલગ ઘાટો પર દુર્ઘટનામાં ચાર યુવકો ડૂબ્યા હતા, જેમાંથી બેનો બચાવ થયો હતો, એક યુવકનું મૃત્યુ નિપજયું હતું જયારે એક યુગલ લાપત્તા છે.

વારંવાર થતી હેલિકોપ્ટર દુર્ઘટનાઓ રોકવા ઉત્તરાખંડ સરકારના સખત નિર્ણયો

દહેરાદૂનમાં સમન્વય કેન્દ્ર બનાવાશે

દહેરાદૂનઃ ઉત્તરાખંડમાં અવાર-નવાર હેલિકોપ્ટર દુર્ઘટનાઓ બને છે ત્યારે આ દુર્ઘટનાઓ રોકવા મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીની ઉચ્ચ સ્તરીય બેઠકમાં અનેક સખ્ત નિર્ણયો લેવાયા છે. હેલિ કોપ્ટર દુર્ઘટના રોકવા દહેરાદૂનમાં સમન્વય કેન્દ્ર બનશે.

ઉત્તરાખંડમાં ચાર ધામ યાત્રા માર્ગ પર માત્ર એ પાયલોટોને જ હેલિકોપ્ટર ઉડાનની મંજૂરી આપવામાં જેમનો ઉચ્ચ હિમાલય ક્ષેત્રમાં ઉડાન ભરવાનો લાંબા અનુભવ હશે. હેલિકોપ્ટરના બહેતર સમન્વય અને સુરક્ષિત સંચાલન માટે દહેરાદૂનમાં એક કોમન કમાન્ડ તેમજ કો-ઓર્ડીનેશન સેન્ટર બનાવવામાં આવશે.

મુખ્યમંત્રીએ સોમવાર સુધી ચાર ધામની યાત્રાને રોકી દીધી છે અને સખ્ત નિર્ણયો લેવાયા છે. આ સમય દરમિયાન હેલી ઓપરેટર અને પાયલોટોના ઉચ્ચ હિમાલય ક્ષેત્રોમાં ઉડાનના અનુભવોની તપાસ થશે ત્યારબાદ સેવા શરૂ કરવા પર નિર્ણય થશે.

## અલવિદા વિજયભાઈ : રાજકોટના પનોતા પુત્રને મહાનગરની અશ્રુભીની વિદાય

# લોકોએ પુર્વ મુખ્યમંત્રીના અંતિમયાત્રાના માર્ગમાં શ્રદ્ધાંજલીના ફુલો પાથર્યાઃ સમગ્ર યાત્રા માર્ગ પર ચાહકો હિબકે ચડયા









(ગરવી તાકાત) રાજકોટ તા.૧૬

ગુજરાતના પુર્વ મુખ્યમંત્રી તથા રાજકોટના પનોતા પુત્ર સ્વ.વિજયભાઈ રૂપાણીને આજે રાજકોટે અશ્રુભીની અંતિમ વિદાય આપી હતી. ગત સપ્તાહે અમદાવાદમાં સર્જાયેલી વિમાની દુર્ઘટનામાં શ્રી રૂપાણીનુ નિધન થયુ હતુ.

ડીએનએ ટેસ્ટની પ્રક્રિયા બાદ આજે તેમનો પાર્થિવ દેહ કુટુંબીજનોને સુપ્રત થયા બાદ ખાસ વિમાનમાં રાજકોટના એ જ આંતરરાષ્ટ્રીય વિમાની મથકે લેવાયો હતો. જે એરપોર્ટની ભેટ સ્વ.રૂપાણીએ રાજકોટને આપી હતી. શહેરના પ્રવેશદ્વાર જેવા ગ્રીનલેન્ડ ચોકડીએ આજે ભાજપના અગ્રણીઓ, કાર્યકર્તાઓ તથા શહેરીજનોએ એરપોર્ટથી અંતિમયાત્રા વાન ગ્રીનલેન્ડ ચોકડીએ પહોંચતા જ અહી ઉપસ્થિત મેદનીએ સ્વ.ને વિજયભાઈ તુમ અમર રહોના નાદથી યાદ કર્યા હતા.લગભગ પાંચ દશકા સુધી રાજકોટને કર્મભૂમિ બનાવીને સ્વ.રૂપાણીએ મહાનગરના વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. ગ્રીનલેન્ડ ચોકડીથી જેમ જેમ અંતિમયાત્રા આગળ વધતી હતી. તેમ તેમ માર્ગો પર ભીડ વધતી ગઈ હતી. માર્ગોના બન્ને છેડે હજારો લોકોએ સ્વ.ને પુષ્પાંજલી આપી હતી.

તેમની અંતિમયાત્રામાં પુત્ર ઋષભ રૂપાણી સહિતના કુટુંબીજનો જોડાયા હતા અને અંતિમયાત્રા બાદમાં સ્વ.ના નિવાસ પ્રકાશ સોસાયટીએ પહોંચી હતી જયાં પાંચ દશકા સુધી તેઓને સાથે રહેનાર અને કુટુંબીજન જેવા લોકોનો પાર્થિવ દેહ વાનને જોઈને જ ધ્રુસકે ધ્રુસકે રડી પડયા હતા.

સાંજે પાંચ વાગ્યે તેમના નિવાસેથી સ્મશાનગૃહ સુધીની યાત્રા પુર્વે જ કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમીત શાહ ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ જે.પી.નડ્ડા અને ભાજપના સંગઠન મહામંત્રી બી.આર.સંતોષ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ, ભાજપ પ્રમુખ શ્રી સી.આર.પાટીલ, રાજયપાલ આચાર્ય દેવવ્રત વિ. મહાનુભાવો પણ જોડાયા હતા.આજે સમગ્ર મહાનગરમાં એક જબરુ શોક સભર વાતાવરણ બની ગયુ છે. રાજકોટના ઈતિહાસમાં આટલું ભવ્ય અંતિમ વિદાય ભાગ્યે જ કોઈને મળી છે અને આજે મેઘરાજાએ પણ વિજયભાઈના પાર્થિવ દેહને અંજલી આપતા હોય તેમ અમીછાટણા કર્યા હતા.

## વિજયભાઇને ભાવાંજલી અર્પણ કરવા રૂટ પર ૪૫ સંસ્થા જોડાશે

**રાજયના પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજયભાઇ રૂપાણીની અંતિમયાત્રા આજે સાંજે રાજકોટમાં નીકળવાની છે. આજે બપોરે તેમનો પાર્થિવ દેહ ગ્રીન લેન્ડ ચોકડીએ આવે તે બાદ આ રૂટ અને અંતિમયાત્રાના રૂટ પર ૪૫ જેટલી સંસ્થાઓ અને સમાજો દ્વારા અલગ અલગ ચોકમાં અંતિમ દર્શન કરીને પુષ્પાંજલી આપવામાં આવશે. ગ્રીન લેન્ડ ચોકડીથી આવતા કુવાડવા રોડ પર પૂ.રણછોડદાસજી આશ્રમ, બાલક હનુમાન ચોક, પારૂલ ગાર્ડન, ભાવનગર રોડ, પુજીત રૂપાણી ટ્રસ્ટ, સિવિલ હોસ્પિટલ ચોક, ચૌધરી હાઇસ્કુલ, બહુમાળી, જિલ્લા પંચાયત ચોક, કિશાનપરા, હનુમાન મઢી રોડ, નિર્મલા કોન્વેન્ટ રોડ ખાતે સંસ્થા અને સમાજના આગેવાનો ઉપસ્થિત રહીને ભાવાંજલી અર્પણ કરશે. અંતિમયાત્રાના રૂટ પ્રકાશ સોસાયટીથી નિર્મલા રોડ, કર્ણાટક બેંક, કોટેચા ચોક, મહિલા કોલેજ ચોક, એસ્ટ્રોન ચોક, યાજ્ઞિક રોડ, ડી.એચ.કોલેજ રોડ, માલવીયા ચોક, ત્રિકોણ બાગ, કોર્પોરેશન ચોક, બાલાજી મંદિર ચોક, રાજેશ્રી ટોકીઝ રોડ, ભુપેન્દ્ર રોડ, રામનાથપરા પાસે પણ સંસ્થાઓ, સંગઠનો, વિવિધ સમાજના આગેવાનો તેમને પુષ્પાંજલી અર્પણ કરશે તેમ સંસ્થાઓ અને સંગઠનો અંતિમ દર્શન કરી શકે તે માટે રૂટ પરથી વ્યવસ્થા સંભાળતા શિક્ષણ સમિતિના ચેરમેન વિક્રમ પુજારાએ જણાવ્યું હતું.**

## ગુરૂવારે ગાંધીનગર તથા શુક્રવારે ભાજપ વડામથક કમલમમાં પણ આયોજન

**રાજયના પુર્વ મુખ્યમંત્રી સ્વ.વિજયભાઈ રૂપાણીની પ્રાર્થનાસભા રાજકોટ તથા ગાંધીનગરમાં યોજાશે. આ માટે વ્યવસ્થા કરવામાં આવી છે. પ્રથમ પ્રાર્થનાસભા તા.૧૭ના રોજ રાજકોટના રેસકોર્ષ મેદાનમાં સાંજે ૩થી૬ વાગ્યા સુધી યોજાશે. બાદમાં તા.૧૯ના ગુરૂવારે ગાંધીનગરમાં હેલીપેડ ગ્રાઉન્ડ હોલ નં.૧ એકઝીબીશન સેન્ટર અને સવારે ૯થી૧૨ વાગ્યા સુધી યોજાશે. બાદમાં ભાજપના રાજયના વડામથક કમલમ અને તા.૨૦ના શુક્રવારે 'કમલમ' અને બપોરના ૪થી૬ વાગ્યા સુધી યોજાશે.**

# દુનિયામાં ફકત બે જ સાચી સંપત્તિ છે 'પહેલો સમય છે' અને 'બીજો શ્વાસ છે' તેથી જીવનનો ભરપૂર આનંદ માણો....!!!



**યશપાલસિંહ ટી.વાઘેલા**
**દરબાર ગઢ થરા**



બારમી જૂન બે હજાર પચીસનો ગોઝારો મેઘાણી નગર ઘોડા કેમ્પમાં બસો બેતાલીસ માણસો સાથેનું વિમાન બપોરે ટેક ઓફની થોડી ક્ષણો બાદ ક્રેશ થતાં બસો એકતાલીસ વિમાનમાં રહેલ દેશ વિદેશના મુસાફરો,પાઈલોટ ક્રૂમેમ્બર,રેસિડન્ટ હોસ્ટેલના ડોક્ટરો આજુબાજુના રહીશો સહિત બસો નેવુથી વધુ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા ત્યાર પછી ના દિવસે જે સોશિયલ મીડિયામાં સાચું ખોટું આવે છે તેનાથી પ્રજા ત્રાહિમામ છે. બધા દુઃખી આ ઘટનાથી છે પણ હવે ભારત પાકિસ્તાનના થાય તો સારું ? તેવી પ્રાર્થના કરીએ.બાકી મૃતાત્માઓ અને તેમના પરિવાર માટે આખા દેશમાં શોકનીલાગણી ફેલાઈ છે.આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો ભાગવતના શ્રવણથી,દર્શનથી, પૂજનથી પાપનો નાશ થાય છે. શ્રીમદ્ ભાગવતના શ્રવણ માત્રથી સદગતિ મળે છે.દૃષ્ટાંત વગર સિદ્ધાંત મનમાં ઠસતો નથી તેથી આત્મદેવ બ્રાહ્મણનું દૃષ્ટાંત કહી કથા શ્રવણનો મહિમા સમજાવે છે. તુંગભદ્રા નદીના કિનારે એક ગામ હતું. ત્યાં આત્મદેવ નામનો એક બ્રાહ્મણ પોતાની પત્ની ધુંધલી સાથે રહેતો હતો. આત્મદેવ પવિત્ર હતો પણ આ ધુંધલી સ્વભાવની ક્રૂર,પારકી પંચાત કરવાવાળી અને ઝઘડાળુ સ્ત્રી હતી. આત્મદેવ નિઃસંતાન હતો. સંતતિના અભાવે તે દુઃખી હતો.તેથી તેણે આત્મહત્યા કરવાનો નિશ્ચય કર્યો. તે માટે તે વનમાં નદીકિનારે આવ્યો. ત્યાં તેને એક મહાત્મા મળ્યા. આત્મ દેવ મહાત્મા પાસે દુઃખ રડવા લાગ્યો કે, ખાવાનું ઘણું છે પણ ખાનાર કોઈ નથી, એટલે દુઃખી છું. તેથી આત્મહત્યા કરવા અહીં આવ્યો છું. મહાત્માએ કહ્યું: 'તારે પુત્ર નથી.એમાં ભગવાનની કૃપા છે. છોકરો ન થાય તો સમજવું કે ઠાકોરજીએ મારા હાથે જ બધું ધન વાપરવાનું મારા નસીબમાં લખ્યું છે, એટલા માટે મને પુત્ર આપ્યો નથી. તેથી ઈશ્વર જે સ્થિતિમાં રાખે તેમાં આનંદ માનવો.'

એક વખત એકનાથ મહારાજ વિઠ્ઠલનાથજીનાં મંદિરમાં દર્શન કરવા ગયા. એકનાથજીને લાયક પત્ની મળી હતી તેથી તેઓ ભગવાનનો ઉપકાર માને છે. એકનાથ મહારાજ કહે છે કે, મને સ્ત્રી સંગ નહીં પણ સત્સંગ મળ્યો છે. તમે અનુકૂળ પત્ની આપી છે, તેથી હું તમારું ભજન કરું છું. થોડીવાર પછી ત્યાં તુકારામ મહારાજ દર્શન કરવા આવ્યા. તુકારામની પત્ની કર્કશા હતી છતાં તુકારામ મહારાજ આ સ્ત્રી આપવા બદલ ભગવાનનો ઉપકાર માને છે. કહે છે કે, તમે પ્રતિકૂળ પત્ની આપી છે એટલે તમારું ભજન કરું છું.સારી પત્ની મળી હોતતો હું તેની પાછળ પડત તમને ભૂલી જાત. એકનાથજીને અનુકૂળ પત્ની મળી છે તેથી આનંદ છે અને તુકારામનેપ્રતિકૂળ પત્ની મળી છે તોય આનંદ છે. નરસિંહ મહેતાના કુટુંબનો નાશ થયો છતાં મહેતાએ તેમાં આનંદ માન્યો અને ગાયું,'ભલું થયું ભાંગી જંજાળ,સુખે ભજીશું શ્રીગોપાળ 'એકની પત્ની અનુકૂળ,બીજાની પત્ની પ્રતિકૂળ, ત્રીજાની પત્નીનું મરણ તો પણ આ ત્રણે મહાત્મા ઓ આનંદ માને છે. વૈષ્ણવ તેનું નામ જે પ્રત્યેક પરિસ્થિતિમાં પરમાત્માની કૃપાનો અનુભવ કરે અને મનને શાંત રાખેમાતાપિતાને પુત્ર માટે બહુ ચિંતા હોય છે. પણ પુત્રેષ્ણા પાછળ અનેક વાસનાઓ આવે છે. પુત્રેષ્ણા અને પછી વિત્તેષણા અને પછી લોકેષણા જાગે છે.

આત્મદેવે કહ્યું: 'મહારાજ, મને પુત્ર આપો. પુત્ર વિના પિતાની સદગતિ નથી.'મહાત્મા આત્મદેવ ને સમજાવે છે કે, ભાઈ, પુત્રથી જ સદગતિ થતી નથી કે પુત્રથી ભક્તિ મળતી નથી પુત્ર જ જો સદગતિ આપી શકતા હોય, તો લગભગ બધાને ત્યાં પુત્ર છે અને તેથી દરેકને સદગતિ મળી જાય. પિતા એવી આશા ન રાખે કે મારો પુત્ર શ્રાદ્ધ કરશે અને હું તરી જઈશ.મારે કાંઈ કરવાનું રહેતું નથી. શ્રાદ્ધ કરવાથી જીવ સારી યોનિમાં જાય એ ખરું, પણ એ જન્મમરણના ત્રાસમાંથી છૂટતા નથી.શ્રાદ્ધ કરવાની ના નથી. શ્રાદ્ધ કરવાથી પિતૃઓ પ્રસન્ન થઈ આશીર્વાદ આપે છે, પણ શ્રાદ્ધથી ભક્તિ મળતી નથી.પિંડદાનનો અર્થ કોઈ સમજતા નથી. આ શરીરને પિંડ કહે છે,તેને પરમાત્મા ને અર્પણ કરવું તેનું નામ પિંડદાન. આ પ્રમાણે જીવન અર્પણ કરે તેનું પિંડદાન સાચું. બાકી માત્ર લોટના પિંડદાનથી ભક્તિ મળતી હોય,તો ઋષિમુનિઓ ધ્યાન,યોગ,જપ, તપ આદિ સાધનો કરે જ શા માટે?

પોતાનું સત્કર્મ જ જીવન મરણના ત્રાસમાંથી માણસને છોડાવે છે, બીજાનું નહીં,જીવ પોતે જ પોતાનો ઉદ્ધાર કરી શકે છે. ગીતામાં ચોખ્ખા શબ્દોમાં કહ્યું છે કે, પોતે જ પોતાનો ઉદ્ધાર કરવો, અને પોતાને અધોગતિમાં લઈ જનાર કાંઈ હોય તો તે પણ પોતે જ છે.

જીવનનો ઉદ્ધાર જીવ પોતે ન કરે, તો તેનો ઉદ્ધાર બીજું કોણ કરવાનું હતું? મનુષ્યનો પોતાના સિવાય બીજો કોણ મોટો હિતકારી હોઈ શકે? જો તે પોતાનું શ્રેય જાતે ન કરી લે, તો પુત્ર વગેરે શું કરવાના હતા? પોતે કરવાનું પોતે ન કરવું અને દીકરા કરશે એમ માનવું એ કેવી વાત?

શ્રુતિ તો કહે છેકે,ઈશ્વરનો અપરોક્ષ અનુભવ ન થાય,જ્ઞાન ન થાય,ત્યાં સુધી ભક્તિ મળતીનથી

મરતાં પહેલાં જે ભગવાનને ઓળખે છે તેને ભક્તિ મળે છે. પરમાત્માનો અપરોક્ષ સાક્ષાત્કાર કર્યા વગર ભક્તિ મળતી નથી. સાક્ષાત્કારથી જ માણસ મૃત્યુને ઓળંગી જાય છે, જીતી જાય છે. આ સિવાય બીજો કોઈ માર્ગ છે જ નહીં.ભગવાનને જાણ્યા સિવાય બીજો કોઈ માર્ગ નથી. બાકી કેવળ શ્રાદ્ધ કરવાથી કાંઈ ભક્તિ મળતી નથી.હાં,તમારું પિંડદાન, એટલે કે આ તમારું શરીર પરમાત્માને અર્પણ કરશો તો તમારું કલ્યાણ થશે.

તમારું પિંડદાન તમારે હાથે કરો એ જ ઉત્તમ છે. જે પિંડમાં છે તે બ્રહ્માંડમાં છે. નિશ્ચય કરો કે, આ શરીર-પિંડ પરમાત્માને અર્પણ કરવો છે. તારું પિંડદાન તું તારા હાથે જ કરી નાખ! ઘરમાં જે છે તે બધું વાપરી નાખ અનેનારાયણ નારાયણ કર!

મહાત્માનો આવો સુંદર બોધ આત્મદેવને ગમ્યો નહીં. તેણે દુરાગ્રહ કર્યો કે, મને પુત્ર આપો, નહીંતર હું પ્રાણત્યાગ કરીશ. મહાત્માને દયા આવી. તેમણે એક ફળ આપ્યું અને કહ્યું,આ ફળ તારી સ્ત્રીને આપજે. તારે ત્યાં લાયક પુત્ર થશે. આત્મદેવ તે ફળ લઈને ઘરે આવ્યો અને ફળ પોતાની પત્નીને આપ્યું. ધુંધલીએ વિચાર કર્યો,ફળ ખાઈશ તો સગર્ભા થઈશ અને દુઃખી થઈશ. કોણ એ પીડામાં પડે! એટલે તેણે પોતાની બહેનને વાત કરી,બહેનને સલાહ આપીકે,મને બાળકથવાનું છે તે હું તને આપી જઈશ.તું માત્ર સગર્ભા હોવાનું નાટક કર!

ધુંધલીને ફળ તો જોઈએ છે પણ દુઃખ જોઈતું નથી.આ મનુષ્ય સ્વભાવ છે. સુખ તો જોઈએ પણ વિના પ્રયત્ને, વિના દુઃખે, મનુષ્યને પુણ્ય કરવું નથી અને પુણ્યનું ફળ જોઈએ છે, પાપ કરવું છે અને પાપનું ફળ જોઈતું નથી.

ધુંધલીએ તે ફળ ગાયને ખવડાવી દીધું, ને નાટક કર્યું. છેવટે બહેનનો છોકરો લઈ આવી જાહેર કર્યું કે મને પુત્ર થયો છે. ધુંધલીએ પુત્રનું નામ ધુંધુકારી રાખ્યું. આ બાજુ જે ગાયને ફળ ખવડાવેલું તે ગાયને મનુષ્યકારનું ગાય જેવા કાનવાળું બાળક થયું. તેનું નામ ગોકર્ણ રાખવામાં આવ્યું. બાળકો મોટા થયાં. ગોકર્ણ પંડિત અને જ્ઞાની થયો.ધુંધુકારી દુષ્ટ નીકળ્યો.

ભાગવતની કથા ત્રણ પ્રકારે વિચારવાની છેઃ આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક. માનવ કાયા એ તુંગભદ્રા છે. ભદ્રા એટલે કલ્યાણ કરનારી અને તુંગ એટલે વધારે. પુષ્કળ કલ્યાણ કરનારી નદી એ તુંગભદ્રા. તે જ મનુષ્ય શરીર. માનવકાયા દ્વારા મનુષ્ય આત્મદેવ થઈ શકે છે. આત્માનો દેવ બને તે આત્મદેવ. આત્મદેવ તે જીવાત્મા છે. આપણે બધા આત્મદેવ છીએ. નર જ નારાયણ બને. મનુષ્ય શરીરમાં રહેલો જીવ દેવ બની શકે છે અને બીજાને પણ દેવ બનાવી શકે છે. પશુઓ પોતાના શરીરથી કલ્યાણ કરી શકતાં નથી મનુષ્ય બુદ્ધિવાળુ પ્રાણી હોવાથી પોતાના શરીરથી પોતાનું તેમજ બીજાઓનું કલ્યાણ કરી શકે છે.

ધૂંવાફૂવા કરનારી,કુતર્કો કરનારી, વિના શ્રમે સુખની આશારાખનારી ધુંધલી તે બુદ્ધિ છે. દરેકના ઘરમાં, દરેકના મનમાં આ ધુંધલી છે. એ પારકી પંચાત કરે છે. પણ હું કોણ છું,મારો ઘણી કોણ છે,એનો વિચાર કરતી નથી. અહીં કથામાં પણ એ તોફાન કરે છે.

બુદ્ધિ સાથે આત્માનું લગ્ન થયુંપણ જયાં સુધી તેને કોઈ મહાત્મા ન મળે,સત્સંગ ન થાય,ત્યાં સુધી વિવેકરૂપી પુત્રનો જન્મ થતો નથી. વિવેક એ જ આત્માનો પુત્ર. જેના ઘરે વિવેકરૂપી પુત્ર નથી તે સંસાર નદીમાં ડૂબી જાય છે તેથી તો આત્મદેવ ગંગાકિનારે ડૂબી મરવા જાય છે.

દેવ બનવાની અને બીજાને દેવ બનાવવાની શક્તિ આત્મામાં છે, પણ આત્મશક્તિને ભાન કરાવ્યું, ત્યારે તેને પોતાના સ્વરૂપનું ભાન થયું. આત્મશક્તિ સત્સંગથી જાગૃત થાય છે. સત્સંગ વગર જીવનમાં દિવ્યતા આવતી નથી.

વાચક ચાહક મિત્રો,વિમાન તૂટ્યા પછી સમાચાર મળ્યા કે તેમાં રાજયના પૂર્વ મુખ્ય મંત્રી વિજય રૂપાણી હતા તેમના સમાચાર સાચા હતા તેનાથી રાજકોટ વાસીઓ સહિત રાજયના લોકોએ આઘાતની લાગણી અનુભવી ગઈકાલે જયારે ૭૦ કલાક બાદ વિજયભાઈ રૂપાણીના ડીએનએ મેચ થતાં મૃતદેહ પરિવારજનોને સોંપાયો ત્યારે મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા. રાજકોટ ખાતે રાજકીય સન્માન સાથે અંતિમ યાત્રા નીકળી અને સૌએ અશ્રુ ભીની આંખે શ્રદ્ધા સુમન અર્પણ કર્યા બાદ તેમનો નશ્વરદેહ પંચમહાભૂતમાં વિલીન થઈ ગયો.

કાળઝાળ ગરમી બફારો અનુભવતા જીવમાત્ર માટે રાહત રૂપ મેઘરાજાની પધરામણી થઈ છે.આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

## PI નું ઘર લૂંટાયું! લૂંટારુઓએ કડા માટે માતાના પગ કાપી નાંખ્યા, પિતાને ઊંઘમાં ખાટલા પર જ મોતને ઘાટ ઉતાર્યા

# સ્ટેટ મોનિટરિંગ સેલના PIનાં માતા-પિતાની હત્યા : લૂંટારાઓએ બંનેના ચહેરા તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી ચીરી નાખ્યા, માતાના પગ કાપી કડલાં લૂંટી લીધા

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૬

બનાસકાંઠા જિલ્લાના લાખણીના જસરા ગામે ખેતરમાં સુતેલા દંપતીની ઘાતકી હત્યા કરી લૂંટ ચલાવતા હડકમ્પ મચ્યો છે. ખુદ એસએમસી પીઆઈના વૃદ્ધ માતા-પિતાને અજાણ્યા શખ્સઓએ તક્ષિણ હથિયારના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધા છે. તો વૃદ્ધ મહિલાના પગ કાપી હત્યારા પગમાં પહેરેલા કડા સહીત શરીર પર પહેરેલા દાગીના લઈ રફુચક્કર થઈ ગયા છે. જોકે ઘટનાની જાણ થતા બનાસકાંઠા એસપી એલસીબી, એસઓજી, ડોગ સ્કવૉર્ડ અને એફએસએલ ની ટિમો સાથે ઘટના સ્થળે પહોંચ્યા અને ઘટનાને લઈ તપાસ હાથ ધરી તો પોલીસની પ્રાથમિક તપાસમાં અજાણ્યા શખ્સોએ લૂંટ અને ઈરાદે હત્યા કરી હોવાનું સામે આવ્યું છે તો લૂંટ સિવાયની અન્ય દિશાને લઈને પોલીસે અલગ અલગ ટીમો બનાવી આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.



આજના આ ઘોર કળિયુગમાં પૈસા, જમીન અને અદાવતને લઈને કાળા માથાનો માનવી કંઈ પણ કરી બેસતો હોય છે. પૈસા સહિતના અન્ય કારણોને લઈને માટે કાળા માથાનો માનવી કોઈની પણ હત્યા કરતા જરાય વિચાર નથી કરતો આવો જે કિસ્સો બન્યો છે બનાસકાંઠા જિલ્લામાં ખુદ સ્ટેટ મોનીટરીંગ સેલના પીઆઈના માતા-પિતાની ક્રૂર હત્યા થઈ ગઈ છે. અને આ હત્યા પણ લૂંટના ઈરાદે થઈ હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. ગુજરાતની સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમમાં પીઆઈ તરીકે ફરજ બજાવતા એ વી પટેલ મૂળ બનાસકાંઠા જિલ્લાના લાખણી તાલુકાના જસરા ગામના વતની છે.

ગઈકાલે મોડી રાત્રે પીઆઈ એ વી પટેલના પિતા વર્ધાભાઈ પટેલ અને માતા હોસીબેન પટેલ પોતાના ખેતરમાં બનાવેલા મકાનના આંગણામાં સુતા હતા. અને તે જ સમયે અજાણ્યા શખ્સો તેમના ખેતરમાં થઈ ઘર તરફ પહોંચ્યા અને ઘરના આંગણામાં સુતા વર્ધાભાઈ પટેલ અને તેમના પત્ની હોશીબેન પટેલને તિક્ષણ હથિયારના ઘા ઝીંકી બંનેની ક્રૂર હત્યા કરી દીધી. જોકે આ હત્યારાઓએ એટલી કૃરતા પૂર્વક હત્યા કરી કે દંપતી માંથી પત્ની હોશીબેનના પગમાં રહેલા કડલા કાઢવા માટે તેમના પગ કાપી નાંખ્યા. તો કાનમાંથી બુટ્ટીઓ લેવા માટે કાન કાપી નાંખ્યા. તો વૃદ્ધ વરધાભાઈનું ગળું કાપી નાંખ્યું અને બંનેને મોતને ઘાટ ઉતારી દીધા. જોકે વહેલી સવારે આંગણામાં પડેલા લોહીથી લથપથ દંપતીના મૃતદેહોને જોઈ લોકોએ ઘટનાની જાણ આગથળા પોલીસને કરતા બનાસકાંઠા પોલીસ વડા સહીતનો પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો. અને પોલીસે એસઓજી, એલસીબી, ડોગ્સ સ્કવૉર્ડ અને એફએસએલની ટીમની મદદથી તપાસ હાથ ધરી તો પોલીસની પ્રાથમિક તપાસમાં લૂંટના ઈરાદે હત્યા થઈ હોવાનું હાલ સામે આવ્યું છે.

જોકે પોલીસે ઘટના સ્થળે રહેલા પુરાવા એકત્ર કરી એફએસએલની ટીમને સોંપ્યા છે તો ડોગસકોર્ડની મદદથી આસપાસના વિસ્તારમાં તપાસ હાથ ધરી

### રાજ્યની જનતા ભગવાન ભરોસે છે - અમિત ચાવડા

**કોંગ્રેસના નેતા અમિત ચાવડાએ આ ઘટના પર પ્રતિક્રીયા આપતા કહ્યું કે, ગુજરાત સ્ટેટ મોનિટરિંગ સેલમાં ફરજ બજાવતા પોલીસ ઇન્સ્પેક્ટર એ.વી. પટેલના માતા-પિતાની ક્રૂર હત્યાના સમાચાર અત્યંત દુઃખદ અને આઘાતજનક છે. પરમાત્મા તેમના દિવ્ય આત્માને શાંતિ તેમજ સદગતિ અર્પે એવી પ્રાર્થના. રાજ્યમાં કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ ખાડે ગઈ છે. હત્યારા, ગુંડા અને લૂંટારાઓ બેફામ બન્યા છે. પોલીસ અને સરકારનો કોઈ પણ જાતનો ડર નથી રહ્યો. કોઈની પણ સલામતી રહી નથી. રાજ્યની જનતા ભગવાન ભરોસે છે. મુખ્યમંત્રી જનતાની સુરક્ષા અને સલામતી માટે સરકાર મક્કમ બનશે ખરી?**

છે. આ હત્યારાઓએ હત્યા કયા કારણોસર કરી. અને હત્યા કર્યા બાદ આ હત્યારાઓ ક્યાં ફરાર થયા તે દિશામાં પોલીસની અલગ અલગ ટીમો બનાવી તપાસનો ધમધમાટ શરૂ થયો છે. પરંતુ ઉલ્લેખનીય છે કે હત્યાનો ભોગ બનનાર વૃદ્ધ દંપતી એ ગુજરાતની સ્ટેટ મોનિટરિંગ સેલના પીઆઈના માતા પિતા હોવાથી આ હત્યા પાછળ અનેક શંકા કુશંકાઓ સેવાઈ રહી છે. જોકે અત્યારે તો આ હત્યાની ઘટના ને લઈ ગામમાં શોકનો માતમ છવાયો છે. અને લોકો તાત્કાલીક પોલીસ હત્યારાઓને ઝડપી કડકમાં કડક સજા કરે તેવી માંગ કરી રહ્યા છે.

આ ઘટના વિશે ગામના આગેવાન મહેશ દવેએ જણાવ્યું કે, મને ઘટનાની જાણ થઈ એટલે મેં બનાસકાંઠા પોલીસ વડાને જાણ કરી. તો બનાસકાંઠાના એસપી અક્ષયરાજ મકવાણાએ જણાવ્યું કે, આગથળા પોલીસ મથકના જસરા ગામની સિમમાં આ હત્યાની ઘટના બની છે. પ્રાથમિક તપાસમાં લૂંટને ઈરાદે હત્યા થઈ હોવાનું દેખાયું છે.

## હિંમતનગરમાં પોલીસ કોન્સ્ટેબલ દારૂ સાથે ઝડપાયો

# વાવડી પાસેથી રૂપિયા ૫૪ હજારના દારૂ સાથે ચિઠોડા પોલીસ સ્ટેશનનો કોન્સ્ટેબલ પકડાયો

(ગરવી તાકાત) હિંમતનગર તા.૧૬

હિંમતનગર તાલુકાના ગાંભોઈ પોલીસ સ્ટેશનની હદમાં આવેલ વાવડી નજીકથી રવિવારે બપોરે પકડાયેલ વિજયનગર તાલુકાના ચિઠોડા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા કોન્સ્ટેબલને રૂ.૫૪,૯૬૦ હજારના દારૂ અને કાર સાથે ઝડપી લીધા બાદ તેની વિરૂધ્ધ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાઈ હતી.જે સંદર્ભે આ પોલીસ કોન્સ્ટેબલને સોમવારે હિંમતનગરની કોર્ટમાં રજુ કરતાં ન્યાયાધિશે એક દિવસના રીમાન્ડ મંજુર કર્યા હતા.



આ અંગે ગાંભોઈ પોલીસ સ્ટેશનથી ઁજી રેખાબેને ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે, રવિવારે વાવડીની સીમમાંથી રૂ.૫૪૯૬૦ હજારનો વિદેશી દારૂ ભરીને જતા ચિઠોડા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા સંજયભાઈ રામજીભાઈ સોલંકીને પોલીસે અટકાવી કારમાંથી દારૂની પાંચ પેટી ઝડપી લીધી હતી.

ત્યારબાદ પોલીસે કોન્સ્ટેબલ વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ માટે સોમવારે હિંમતનગરની કોર્ટમાં રજુ કરીને રીમાન્ડની માંગણી કરતા કોર્ટે સંજય સોલંકીના ૧૭ જૂન ૨૦૨૫ ને મંગળવાર સાંજ સુધીના એક દિવસના રીમાન્ડ મંજુર કર્યા હતા.ગાંભોઈ પોલીસે ચિઠોડા પોલીસ સ્ટેશનનો કોન્સ્ટેબલ વિદેશી દારુ કારમાં ક્યાંથી લાવતો હતો કોને આપ્યો હતો અને ક્યાં અને કોને આપવાનો હતો તે દિશામાં તપાસ શરુ કરી છે.

## પરમીટ ધરાવનારાઓએ મતદાન પહેલાના ૪૮ કલાક અને મતગણતરીના દિવસે

# દારૂ, પોષડોડા કે અન્ય નશાયુક્ત પદાર્થોનું વેચાણ તેમજ પીરસવા, વહેંચણીની ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૬

૨૪-કડી(અ.જા) વિધાનસભા પેટા ચૂંટણી- ૨૦૨૫ અંતર્ગત તા.૧૯.૦૬.૨૦૨૫ના રોજ તેમજ ગ્રામ પંચાયત ચૂંટણીઓ- ૨૦૨૫ અંતર્ગત તા. ૨૨.૦૬.૨૦૧૫ ના રોજ થનારું મતદાન મુક્ત અને ન્યાયિક વાતાવરણમાં થાય તે હેતુથી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી જશવંત કે. જેગોડા દ્વારા મહેસાણા જિલ્લાની હદ વિસ્તારમાં ચૂંટણીઓ હેઠળના તમામ શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં આવેલ પોષડોડા તથા વિદેશી દારૂનું પરમીટ ધરાવનારાઓએ ૨૪-કડી(અ.જા) વિધાનસભા પેટા ચૂંટણી માટે મતદાનનો સમય પૂરો થવાના કલાકને સાથે પૂરા થાય તે રીતે ૪૮ કલાકનો સમય એટલે કે તા. ૧૭/૦૬/૨૦૨૫ ના સાંજના ૬:૦૦ કલાકથી તા. ૧૯/૦૬/૨૦૨૫ ના સાંજના ૬:૦૦ કલાક સુધી અને ગ્રામ પંચાયત ચૂંટણીઓ- ૨૦૨૫ માટે મતદાનનો



સમય પૂરો થવાના કલાકને સાથે પૂરા થાય તે રીતે ૪૮ કલાકનો સમય એટલે કે તા.૨૦/૦૬/૨૦૨૫ ના સાંજના ૬:૦૦ કલાકથી તા. ૨૨/૦૬/૨૦૨૫ ના સાંજના ૬:૦૦ કલાક સુધી તથા ૨૪-કડી(અ.જા) વિધાનસભા પેટા ચૂંટણી માટે મતગણતરીનો દિવસ એટલે કે તા.૨૩/૦૬/૨૦૨૫નો દિવસ (આખો દિવસ) અને ગ્રામ પંચાયત ચૂંટણીઓ- ૨૦૨૫ માટે મતગણતરીનો દિવસ એટલે કે તા.૨૫/૦૬/૨૦૨૫નો દિવસ (આખો દિવસ) દારૂ, પોષડોડા કે અન્ય નશાયુક્ત પદાર્થોનું વેચાણ તેમજ પીરસવા, વહેંચણી પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.


આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર શખ્સ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

## થરાદના માંગરોળ નજીક ભારતમાલા હાઈવેના સર્વિસ રોડ પર જળબંબાકાર

# પાણી ભરાવાથી વાહનચાલકો-ખેડૂતો પરેશાન, નાળાના અભાવે મુશ્કેલી

(ગરવી તાકાત) થરાદ તા.૧૬

બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકાના માંગરોળ નજીક ભારતમાલા હાઈવેના સર્વિસ રોડ પર વરસાદી પાણી ભરાવાને કારણે સ્થાનિકો અને હજારો વાહનચાલકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ સમસ્યા સર્વિસ રોડ બન્યો ત્યારથી યથાવત છે, અને અનેક રજૂઆતો છતાં તેનો કોઈ કાયમી ઉકેલ આવ્યો નથી, જેના કારણે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.



સર્વિસ રોડ પર આવેલા ખેતરોના મુખ્ય દરવાજા પાસે પાણી ભરાઈ જવાને કારણે ખેડૂતોને તેમના ખેતર કે ઘરે પહોંચવામાં ભારે મુશ્કેલી પડી રહી છે. વોહતાભાઈ દલાભાઈ પટેલ નામના ખેડૂતે જણાવ્યું કે તેમને ઘરે આવવા-જવા માટે વૈકલ્પિક અને લાંબો રસ્તો લેવાની ફરજ પડી રહી છે. આના કારણે તેમનો સમય અને શક્તિનો વ્યય થાય છે.

સર્વિસ રોડ પર પાણી ભરાવાને કારણે અનેક વાહનો બંધ પડી જાય છે. લોકોને પોતાના વાહનોને ધક્કા મારતા પણ જોવા મળ્યા હતા, જે ટ્રાફિક જામ અને અસુવિધાનું કારણ બને છે. થરાદથી સાચોર અને સાચોરથી થરાદ તરફ દિવસ દરમિયાન હજારો વાહનો પસાર થતા હોવાથી વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.કાયમી ઉકેલનો અભાવ:સ્થાનિકો અને ખેડૂતો દ્વારા હાઈવે ઓથોરિટીને વારંવાર રજૂઆતો કરવા છતાં કોઈ કાયમી ઉકેલ આવ્યો નથી. હાઈવે ઓથોરિટીના કર્મચારીઓ માત્ર સ્થળ પર આવીને જાય છે અથવા ક્યારેક પાણીના ટેક્રરથી પાણી ખાલી કરાવે છે, જે માત્ર હંગામી ઉપાય છે અને સમસ્યાનું મૂળ નિરાકરણ લાવતો નથી.

સ્થાનિક આગેવાન રૂપસિંહભાઈ પી. પટેલે જણાવ્યું કે અગાઉ નાળા બનાવવામાં આવ્યા હતા, પરંતુ તે કોણે બંધ કર્યા તેની તેમને જાણ નથી, જેના કારણે પાણીનો ભરાવો થાય છે. સુરેશભાઈ નામના સ્થાનિકે પણ નાળા મૂકવાની તાત્કાલિક માંગ કરી છે, પરંતુ તેમની વાત સાંભળવામાં આવતી નથી. નાળા બંધ હોવા અથવા અપૂરતા હોવા એ પાણી ભરાવવાનું મુખ્ય કારણ જણાય છે.

## શેઠ એમ.એન. હાઇસ્કૂલની વિદ્યાર્થીની મુસ્કાન પ્રજાપતિ બની રાજ્યકક્ષાએ ટેનિસ ચેમ્પિયન

# શેઠ એમ. એન. હાઈસ્કૂલ, પાટણની વિદ્યાર્થિની મુસ્કાન પ્રજાપતિ – અભ્યાસ અને રમતગમત બંને ક્ષેત્રે પ્રેરણાસ્ત્રોત!

(ગરવી તાકાત) પાટણ તા.૧૬

ઉત્તર ગુજરાત યુવક મંડળ સંચાલિત,શેઠ એમ. એન. હાઈસ્કૂલ, પાટણ કે, જે સમગ્ર ઉત્તર ગુજરાતમાં પોતાની શૈક્ષણિક અને સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ માટે ઓળખ બનાવતી પ્રતિષ્ઠિત શાળાઓમાં સ્થાન ધરાવે છે. શાળાના સંનિષ્ઠ શિક્ષકોના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓ અભ્યાસ ઉપરાંત રમતગમત અને અન્ય ક્ષેત્રોમાં પણ મોખરે રહે છે.

તેનું જીવંત ઉદાહરણ છે શેઠ એમ એન હાઈસ્કુલની ધોરણ ૧૧ની વિદ્યાર્થીની મુસ્કાન વિપુલભાઈ પ્રજાપતિ કે, જેણે શિક્ષણ ક્ષેત્રે પણ ઉત્તમ પરિણામ મેળવ્યું છે અને હવે રાજ્યકક્ષાની ટેનીસ પ્રીમિયર લીગ (ૅ-૧૬ કેટેગરી)માં ચેમ્પિયન બની સમગ્ર પાટણ જિલ્લાનું ગૌરવ વધાર્યું છે.




વડોદરા ખાતે યોજાયેલ આ સ્પર્ધામાં સમગ્ર ગુજરાતમાંથી ૧૮ પ્રતિભાશાળી ખેલાડીઓએ ભાગ લીધો હતો. તેમાં મુસ્કાને પોતાની એકાગ્રતા, દમદાર રમત અને અવિરત મહેનતના જોરે તમામ રાઉન્ડમાં વિજય મેળવી અંતિમ મુકાબલામાં પણ શાનદાર દેખાવ સાથે વિજય મેળવ્યો. સ્પર્ધાને અંતે મુસ્કાનને શિલ્ડ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવી.

શાળાના આચાર્ય ડૉ. ધનરાજભાઈ ઠક્કરે મુસ્કાનને હાર્દિક શુભેચ્છાઓ પાઠવતાં જણાવ્યું કે, ×મુસ્કાને અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને એક ઉદાહરણ પૂરું પાડ્યું છે. મુસ્કાને મહેનત, સંયમ અને સમયસંચાલનથી અભ્યાસ અને રમતગમત બંનેમાં શ્રેષ્ઠતા હાંસલ પ્રાપ્ત કરી છે અન્યોને પ્રેરણા પૂરી પાડી છે. તે આજે પાટણની દીકરી તરીકે સમગ્ર પાટણ માટે ગૌરવનું પ્રતીક બની છે.×

શાળા પરિવાર દ્વારા મુસ્કાનને દિલથી અભિનંદન પાઠવવામાં આવે છે અને તેની આગામી કારકીર્દી માટે શુભકામનાઓ વ્યકત કરવામાં આવે છે.

# સંક્ષિપ્ત સમાચાર

### વાવ ખાતે શહીદ વંદના ફાઉન્ડેશન દ્વારા જનરલ મિટિંગ તેમજ રિટાયર્ડ જવાનોનું સન્માનનું આયોજન કરવામાં આવ્યું




(ગરવી તાકાત) વાવ તા.૧૬

શહીદ વંદના ફાઉન્ડેશન દ્વારા એક વર્ષ પૂર્ણ થયું એ અનુસંધાને જનરલ મિટિંગ નું આયોજન કરવામાં આવ્યું જેમાં સંસ્થા દ્વારા થયેલા કાર્યો મિટિંગ માં રજૂ કરવામાં આવ્યા હતાં. વાવ થરાદ વિસ્તાર ના રિટાયર્ડ જવાનો અને મહેમાનો નું સન્માન કરવામાં આવ્યું હતું.

એક વર્ષ માં થયેલ સેવાકીય પ્રવૃત્તિઓ

૧) ૧ શહીદ પરિવાર નું ૫૧,૦૦૦ ની શોર્ય રાશી થી સન્માન

૨) બોર્ડર પર તૈનાત જવાનો સાથે દિવાળી અને રક્ષાબંધન ની ઉજવણી

૩) દિવાળી પર બોર્ડર પર તૈનાત જવાનો માટે અને ગરીબ પરિવારો માટે ૧૦૦ કિલો મીઠાઈ નું વિતરણ

૪) ભાદરવી પૂનમ પર ઢીમા ખાતે ભાવિક ભક્તો માટે ઠંડા પાણી ની પરબ નું આયોજન

૫) ઉનાળા ની કાળઝાળ ગરમી માં ગૌ માતા માટે ૬૦૦૦ કિલો થી વધારે તરબૂચ ની સેવા

૬) શહીદ થયેલા જવાનો ના બાળકો માટે નિઃશુલ્ક શૈક્ષણિક કીટ

૭) શહીદ જવાનો બાળકો તેમજ અનાથ બાળકો માટે નિઃશુલ્ક ચોપડા વિતરણ

૮) દિવાળી, બેસતું વર્ષ, અષાઢી બીજ, ૧૪ ફેબ્રુઆરી પુલવામા એટેક વરસી, ૧૫ ઓગસ્ટ સ્વતંત્રતા દિવસ ૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક દિવસ , રામ નવમી, ભાદરવી પૂનમ જેવા તહેવારો પર શહીદ જવાનો ના પરિવાર માટે શોર્ય સહાય કેમ્પ નું આયોજન જેવા કાર્ય કરે છે આગામી વર્ષ માં વધુ માં વધુ શહીદ પરિવારો ને મદદ રૂપ બનવા પ્રયાસ કરીશું અને વાવ થરાદ વિસ્તાર ના વધુ માં વધુ યુવાનો દેશ સેવા મા જોડાય તેવા પ્રયત્નો કરવામાં આવશે અંતે આભાર વિધિ કરી ને કાર્યક્રમ નું સમાપન કરવામાં આવ્યું.

### હિંમતનગરના જામળા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે રક્તદાન શિબીર યોજાઇ



(ગરવી તાકાત) હિંમતનગર તા.૧૬

સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગરના જામળા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ .રાજ સુતરીયા અને તાલુકા હેલ્થ અધિકારીશ્રી ડૉ.રાજેશ પટેલના માર્ગદર્શન હેઠળ તેમજ સ્ઈઈજી હિંમતનગરના સહયોગથી રક્તદાન શિબીર યોજાઈ હતી. આ રક્તદાન શિબીરમાં ૫૨ બોટલ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું. જરૂરતમંદોને તાત્કાલિક અને સમયસર લોહી પુરૂ પાડી શકાય તેવા આશયથી આ રક્તદાન શિબીરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબીરમાઁ ૐઝ સ્ટાફ તથા ગ્રામજનો ઉપસ્થિતિ રહ્યા હતા.

### રાષ્ટ્રીય નિબંધ સ્પર્ધામાં કે.એમ.પટેલ વિદ્યામંદિર ઈડરના વિદ્યાર્થીઓનો ઉત્કૃષ્ટ દેખાવ



(ગરવી તાકાત) ઈડર તા.૧૬

ઈડરની કે.એમ.પટેલ વિદ્યામંદિરમાં વર્ષ ૨૦૨૪ ૨૫માં ૧૪ મી રાષ્ટ્રીય નિબંધ સ્પર્ધા યોજાઈ હતી.

જેનો વિષય ×વિશ્વ શાંતિ કા આધાર શાકાહાર કી આવશ્યકતા× આ વિષય પર શાળાના કુલ ૫૧ વિદ્યાર્થીઓ સહભાગી બન્યા હતા તેમાંથી ૧૯ વિદ્યાર્થીઓએ જિલ્લામાં સ્થાન પ્રાપ્ત કર્યું હતું અને તે તમામને પ્રમાણપત્ર અને પર્સ ઈનામ તરીકે આપવામાં આવ્યા હતા.

મુખ્ય સંયોજક તરીકે ચંદ્રકલાબેન શાહ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું.સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષિકા જાગૃતિબેન વણકર દ્વારા કરવામાં આવ્યું હતું. શાળાના ઈન્ચાર્જ આચાર્ય પી.કે.પટેલ અને સુપરવાઈઝર એ.. જી.મોમીન દ્વારા ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા તથા વિદ્યાર્થીઓને માર્ગદર્શન તત્કાલીન આચાર્ય કિરણભાઈ પટેલ દ્વારા અપાયું હતું.

Volume : 11 Issue : 64 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, District Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002